## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




બહેન આ વખતે દોઢીયુ, પોપટીયાનાં સ્ટેપ સાથે... ફ્રી પાસ કેમ મેળવવા એ પણ ગરબા સીલેબસમાં ઊમેર્યુ છે.



આગામી દિવસોમાં ઉજવાનાર તહેવારોને અનુલક્ષીને સેક્ટર-૭ ખાતે મહિલાઓ માટે વિવિધ ચીજવસ્તુઓનું પ્રદર્શન યોજાયુ છે. હર્ષાબા એન.યુ.એલ. એમ સ્વ. સહાય જુથ અને સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજના સંયુક્ત ઉપક્રમે યોજાઈ રહેલા આ પ્રદર્શનને વ્યાપક આવકાર મળી રહ્યો છે.

## મગોડી હાઈસ્કૂલ ખેલમહાકુંભ-૧૧માં તાલુકા કક્ષાએ દ્વિતીય નંબરે વિજેતા



ગાંધીનગર,તા.૧૨

ગાંધીનગર જિલ્લા સ્થિત મગોડીમાં આવેલ પી. આર. ઠક્કર વિદ્યા વિહારે ખેલ મહાકુંભ -૧૧ માં તાલુકા કક્ષાએ દ્વિતીય નંબર પ્રાપ્ત કરેલ છે જેના અનુસંધાને આજરોજ રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા સદર શાળાને ૧૫૦૦૦ રૂપિયાનું રોકડ ઈનામ ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર ગાંધીનગર મેયર શ્રી હિતેશ મકવાણા તેમજ હરિભાઈ ચૌધરી ના વરદ હસ્તે શાળાના આચાર્યશ્રી મનુભાઈ પ્રજાપતિએ સ્વીકાર્યુ હતું આ સિદ્ધિ બદલ શ્રી કેળવણી મંડળ મગોડી દ્વારા આચાર્યશ્રી તેમજ કન્વીનર શ્રી. જે.બી ચૌધરીને અભિનંદન પાઠવ્યા હતા.

## સમર્પણ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે આઈટીઆઈ આયોજિત ભરતી મેળો યોજાયો



ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર આઈટીઆઈ આયોજિત રાષ્ટ્રીય એપ્રેન્ટિસ ભરતી મેળો સમર્પણ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેન્ટર કોલેજમાં યોજાયો હતો. જેમાં મેયર હિતેષ મકવાણા, જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન કલ્પેશભાઈ પટેલ, આરોગ્ય સમિતિના ચેરમેન મીનાબેન, પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય લલિતસિંહ ઠાકોર, ગેજીયા ચેરમેન ચાણક્ય પટેલ, પૂર્વ મહામંત્રી બી.જે.પી. એચ.એમ. પટેલ, આઈટીઆઈ આચાર્ય ઈન્સ્ટ્રક્ટર, ૪૦ જેટલી વિવિધ કંપનીઓના પ્રતિનિધિઓ અને ૪૦૦ જેટલા નોકરી ઈચ્છુકો માટે મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હિંદી ભાષાના પ્રચાર-પ્રસાર માટે હિંદીભવન ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રવચન ગોઠવાયું




ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત હિંદી હિંદુસ્તાની પ્રચાર સમિતિ, હિંદીભવન ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના નિયામક પ્રા. રમેશભાઈ મ. પટેલના આયોજન મુજબે હિંદી ભાષાના પ્રચાર-પ્રસાર માટે હિંદી સપ્તાહના પાંચમાં દિવસે ગૂજરાત કુમાર વિનય મંદિર ખાતે જીવનમાં, રાષ્ટ્રવિકાસમાં હિંદી ભાષાના મહત્વ વિશેનું પ્રવચન ડૉ. જશવંત પંડ્યાએ કર્યુ હતુ. આભારદર્શન આચાર્ય ડૉ. હેમંત ઓઝાએ કર્યુ હતુ. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સભા સંચાલન પ્રા. નરેશકુમાર પંચાલે કર્યુ હતું.



આજકાલ જાણે ધરણાં-પ્રદર્શનની મોસમ ચાલી રહી છે. વિવિધ માંગણીઓને લઈને જુદા જુદા મંડળો, જૂથો દ્વારા પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. સેક્ટર-૧૧ના રામકથા મેદાન પાસે અર્ધ લશ્કરી દળોના જવાનોએ પોતાની અપાતી સુવિધાઓ બાબતે અને અન્ય માંગણીઓ બાબતે રજૂઆતો કરી હતી.

**ઓનલાઈન ખરીદી કરતા ગ્રાહકો માટે ચેતવણીરૂપ કિસ્સો**

# પેથાપુરના યુવકે રૂ.૧૨ હજારની બ્રાન્ડેડ ઘડીયાળ મંગાવી : નીકળી લિપસ્ટિક

ગાંધીનગર, તા.૧૨

હાલના સમયે યુવાવર્ગમાં ઓનલાઈન ખરીદીનો ક્રેઝ વધુ જોવા મળી રહ્યો છે. ઓનલાઈનમાં ખરીદીમાં ગ્રાહકો કેટલીક ચીજવસ્તુઓ સસ્તી અને સારી લેવાની લ્હાયમાં છેતરપિંડીનો ભોગ પણ બનતા હોય છે. ત્યારે પેથાપુર ખાતે રહેતા યુવકને પણ ઓનલાઈન ખરીદીનો ખરાબ અનુભવ થયો છે. તાજેતરમાં યુવકે ઓનલાઈન અરમાનીની ઘડીયાળ મંગાવી હતી. થોડા દિવસ પછી પાર્સલ આવતા ખોલીને જોતા ઘડીયાળની જગ્યાએ લિપસ્ટિક નીકળતા યુવાન પણ ચોંકી ઉઠ્યો હતો. જયારે ઘડીયાળનું રૂ.૧૨ હજારનું ઓન લાઈન પેમેન્ટ પણ થઈ ગયું હતું. જો કે સમગ્ર મુદ્દે ઓનલાઈન સ્ટોરમાં ફરીયાદ આપી છે. પરંતુ આજદિન સુધી તેનો ઉકેલ આવ્યો નથી. મળતી વિગત મુજબ પેથાપુર કસબામાં રહેતા મોહમંદ ઈસ્માઈલ પઠાણ દ્વારા લાઈફ સ્ટાઈલ ઓનલાઈન સ્ટોરમાંથી ગત તા.૨૬ ઓગસ્ટના રોજ ઈમ્પોરીયો અરમાનીની ઘડીયાળ મંગાવી હતી. આ ઘડીયાળની કિં.૧૧,૯૯૭ હતી. જેનું પેમેન્ટ ઈસ્માઈલભાઈએ ઓનલાઈન કરી દીધુ હતું.જયારે પાર્સલ તેઓને ૧ સપ્ટેમ્બરના રોજ મળી ગયુ હતું. પરંતુ પાર્સલનું વજન નહીવત હોવાથી તેઓને શંકા ગઈ હતી. જો કે પાર્સલ ખોલતા તેમાંથી લિપસ્ટિક નીકળી હતી. આ પાર્સલનો વીડીયો પણ તેઓએ બનાવ્યો હતો. પાર્સલમાં ઘડીયાળની જગ્યાએ લિપસ્ટીક આવતા તેઓ પણ ચિંતાગ્રસ્ત બની ગયા હતા. પાર્સલમાં માત્ર રૂ.૪૫૦ ની કિંમતની લેકમેની લિપસ્ટીક મળી હતી.પાર્સલમાં ઘડીયાળ ન આવતા ઈસ્માઈલભાઈએ અમદાવાદ વસ્ત્રાપુર આલ્ફાવન




મોલ ખાતે આવેલા સ્ટોરમાં પણ વાત કરી જાણ કરી હતી. પરંતુ કોઈ જવાબદારી કે મદદ માટે બંધાયેલ નથી તેવો ઉડાઉ જવાબ ગ્રાહકને સાંભળવા મળ્યો હતો. જયારે ઓનલાઈન સ્ટોરના ગ્રાહક સેવા નંબર પર વારંવાર વાત કરતા અને ફરીયાદ કરવા છતા આજસુધી નિવડો આવ્યો નથી. આ અંગે ઈસ્માઈલભાઈએ કહ્યુ કે પાર્સલમાં ઈનવોઈસ બીલ પણ અન્ય આઈટમનુ છે.જે અંગે ઓનલાઈન સ્ટોરના સંચાલકનું ધ્યાન દોર્યુ છે. ત્યારે ઓનલાઈન ખરીદી કરતા ગ્રાહકો માટે ચેતવણીરૂપ કિસ્સો છે.

## સરઢવ સીએનજી પંપ ખાતે નોકરી પર જતા યુવકનુ માર્ગ અકસ્માતમાં મૃત્યુ

ગાંધીનગર, તા.૧૨

રૂપાલ થી સરઢવ તરફ જતા માર્ગ પર સાથીયા પાર્ટી પ્લોટ નજીક અજાણ્યા વાહનની ટકકરે બાઈક ચાલક યુવકનું માથા-શરીરના ભાગે ગંભીર ઈજા પહોંચતા મૃત્યુ નિપજયું હતું. સેકટર-૨૪ ખાતે રહેતો યુવક સરઢવ સીએનજી પંપ ખાતે નોકરી પર જઈ રહ્યો હતો ત્યારે રાત્રીના સમયે અકસ્માત નડ્યો હતો. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૪ ઈન્દીરાનગર મકાન .૫૮૯ ખાતે માધાભાઈ પુરષોતમભાઈ સોલંકી પરિવાર સાથે રહે છે. તેમના પરિવારમાં બે દિકરા છે. જેમાં મોટા દિકરાનુ નામ પરેશ અને નાના દિકરાનુ નામ જયેશ છે. જયારે જયેશ બાઈક નં. જી.જે.૧૮.સી.એલ.-૭૧૬૬ લઈને સરઢવ સીએનજી પંપ ખાતે નોકરી થી ઘરે આવન જાવન કરતો હતો. જયેશની નોકરીનો સમય રાત્રીના ૯ થી રાત્રીના ૯ વાગ્યા સુધીનો હતો. ગઈરાત્રીના ૧૧ વાગ્યાના અરસામાં માધાભાઈ તેમજ પરેશ ઘરે હાજર હતા. તે સમયે પાડોશમાં રહેતા નિકુલભાઈ પ્રહલાદભાઈ પરમાર ઘરે આવ્યો હતો. તેને જણાવ્યું કે જયેશને સરઢવ રૂપાલ વચ્ચે અકસ્માત થયો છે તેમ વાત કરતા માધાભાઈ તેમનો દિકરો પરેશ અને નિકુલ સાથે અકસ્માતના સ્થળે જઈને જોયુ તો રૂપાલ સાથિયા પાર્ટી પ્લોટ થી સરઢવ તરફ જવાના માર્ગ પર જયેશ પડ્યો હતો.જયારે બાઈકને આગળના ભાગે નુકશાન થયું હતું. આસપાસમાં પુછપરછ કરતા જાણવા મળ્યું કે બાઈક નં.જી.જે.૧૮.સી.એલ.-૭૧૬૬ લઈને સરઢવ સીએનજી પંપ નોકરી જઈ રહ્યો હતો તે સમયે રાત્રીના દશ વાગે અજાણ્યા વાહન ચાલકે બાઈકને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં જયેશ નીચે પટકાતા શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી જયેશને ખાનગી વાહનમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવતા ડોકટરે તપાસી મરણ જાહેર કર્યો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખોરજ સ્વીફ્ટ કારમાંથી ૮૦ બોટલ દારૂ સાથે બુટલેગર ઝડપાયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના ખોરજ ગામની સીમમાંથી અડાલજ પોલીસે બાતમીને પગલે સ્વીફ્ટ કારમાંથી ૮૦ બોટલ દારૂ-બિયરના જથ્થા સાથે બુટલેગરને પકડી પાડ્યો છે. દારૂ ભરેલી કાર લઈ બુટલેગર ભાગ્યો હતો, જેથી પોલીસે પીછો કરતા કાર ડીવાઈડર સાથે ટકરાઈ હતી. પોલીસે દારૂ-કાર મળી કુલ રૂ.૪.૨૭ લાખના મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના ચિલોડા, અડાલજ, પેથાપુર, રખીયાલ, કલોલ, સહિતના હાઈ વે માર્ગો પર થી મોટીસંખ્યામાં વિદેશી દારૂનો જથ્થો ઝડપાય છે. ત્યારે કયારેક દારૂના બુટલેગર માટે આ માર્ગો આર્શિવાર્દરૂપ પણ સાબિત થાય છે. ત્યારે ખોરજ ગામની સીમમાંથી અડાલજ પોલીસ વિદેશી દારૂ ભરેલી કાર નં. જી.જે.૧૮.બી.પી.-






૪૦૨૫ ને ઝડપી પાડી હતી. અડાલજ પોલીસ મથકના જવાનો નાઈટ પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે સમયે પોલીસને બાતમી મળી હતી કે દારૂનો જથ્થો ભરેલી સ્વીફ્ટ કાર મહેસાણા-અડાલજ હાઈ વે થઈ અમદાવાદ તરફ જવાની છે. જેને પગલે પોલીસે વૈષ્ણોદેવી સર્કલ પાસે વોચ ગોઠવી દીધી હતી. બાતમીવાળી કાર દેખાતા પોલીસે રોકવા માટે ઈશારો કર્યો હતો. પરંતુ કારના ચાલકે કાર પુર ઝડપે હંકારી દીધી હતી. જેથી પોલીસે દારૂ ભરેલી કારનો પીછો કરતા આગળ જતા કાર ડીવાઈડર સાથે ટકરાઈ ઉભી રહી હતી. જેને પગલે પોલીસે કારમાંથી બુટલેગરને પકડી પાડ્યો હતો. પોલીસે તેનુ નામ પુછતા તેણે ઉવારસદ ખાંટ વાસમાં રહેતો નવીન પ્રહલાદજી ઠાકોર હોવાનું કહ્યું હતું. જયારે પોલીસે કારમાં તપાસ કરતા ૩૫ નંગ બિયરના ટીન તેમજ ૪૫ નંગ વિદેશી દારૂની બોટલ મળી કુલ નંગ-૮૦ તેમજ સ્વીફ્ટ કાર સહિત રૂ.૪.૨૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● ગઈકાલથી અડાલજ ત્રિમંદિર ખાતે રાજયના મંડપ ડેકોરેટર્સની ત્રિદિવસીય કોન્ફરન્સ શરૂ થઈ છે.

● ૧૪-૧૫-૧૬ સપ્ટેમ્બરના રોજ એક્ઝીબીશન સેન્ટરમાં ઓલ ઈન્ડિયા કેટરર્સની સમીટનું આયોજન કરાયું છે.

● ગાંધીનગર તાલુકાના અડાલજ ગામના સરપંચ રાષ્ટ્રીયસ્તરે સ્માર્ટ વિલેજ અંગેના પરિસંવાદમાં ભાગ લેવા ૧૪મીએ લખનૌ જશે.

● ગાંધીનગર શહેરમાં આજે ગરમીનો પારો ૩૩ ડિગ્રીએ પહોંચતા લોકોએ ૪૦ ડિગ્રી તાપમાનનો અનુભવ કર્યો હતો.

● દહેગામ તાલુકાના રખિયાલ ગામે અર્બુદા સેનાની બેઠકમાં વિપુલ ચૌધરીએ હાજરી આપી સંબોધન કર્યુ હતું. દહેગામ તાલુકાનું રાજકારણ આ પછી ગરમાયુ છે.

● રખિયાલમાં તસ્કરો તમાકુના ડબ્બાઓ સાથે સીસીટીવી કેમેરાનું ડીવીઆર પણ ચોરી ગયાની ફરિયાદ નોંધાઈ છે.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૫૭૫ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવાયા હતા.

● બેંક ઓફ બરોડાની સે. ૨૨ની બ્રાન્ચમાં આજે નેટવર્ક ખોરવાતા ગ્રાહકો પરેશાન થયા હતા.

● કલોલ અને માણસા તાલુકામાં આજે હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે. સાંજે ૬ વાગ્યા સુધીમાં કલોલમાં ૧૩ મી.મી. અને માણસામાં ૨૨ મી.મી. વરસાદ નોંધાયો છે.

● કલોલમાં જિલ્લા કોંગ્રેસની કારોબારી બેઠકમાં હાજરી આપવા આવેલા પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરને આંગણવાડી કાર્યકર્તાઓએ આવેદનપત્ર આપી તેમના પ્રશ્નો રજુ કર્યા હતા

● ગુજરાત યુનિ.ના એલીસબ્રીજ ઝોનનો યુવક મહોત્સવ આજથી શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સમાં શરૂ થશે. ૧૨૦૦ જેટલા સ્પર્ધકો આમાં ભાગ લેશે.

# પેથાપુર સિદ્ધેશ્વરી પાર્લરમાંથી ચોરી કરનાર મહિલા ઝડપાઈ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના પેથાપુર ચોકડી થી ચરેડી વડ પાસે ઓમકાર રેસીડેન્સીની બાજુમાં સિધ્ધેશ્વરી પાન પાર્લરનુ શટર ઉંચુ કરી સિગારેટ, સોપારી, ગુટખા-પાન-મસાલા સહિત રોકડા રૂ.૧૨ હજાર મળી કુલ રૂ.૪૦ હજારની ચોરી કરનાર મહિલાને પોલીસે સેકટર-૨૩ કડી કેમ્પસ સામેના છાપરા વિસ્તારમાંથી ઝડપી પાડી છે. ત્યારે આ મહિલાએ સેકટર-૩૦ માં પણ પાન પાર્લરના તાળા તોડી ચોરી કરી હતી. ત્યારે રાત્રીના સમયે એકટીવા લઈને નીકળતી મહિલા બિન્દાસ્ત પાન પાર્લરના તાળા તોડી ચોરીને અંજામ આપતી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર ખાતે રહેતા હસમુખભાઈ પુંજાભાઈ



પ્રજાપતિના ઓમકાર રેસીડેન્સી બાજુમાં સિધ્ધેશ્વરી પાન પાર્લર એન્ડ ટી સ્ટોલ ચલાવે છે. તેઓ ગત.૧૦ ના રોજ વહેલી સવારે પાર્લર ખાતે આવ્યા હતા. તે સમયે જોયુ તો વિમલનો ખાલી થેલો પાર્લર આગળ પડ્યો હતો. જયારે પતરાનુ શટર એક તરફથી ઉંચુ જોવા મળ્યું હતું.

જેથી હસમુખભાઈએ અંદર જઈ તપાસ કરતા સિગારેટના પેકેટ, સોપારી, ગુટખા, પાનમસાલા, તમાકુના ડબ્બા સાઉન્ડ સિસ્ટમ, સહિત રોકડા રૂ.૧૨ હજાર મળી કુલ રૂ.૪૦ હજારની મત્તાની ચોરી થઈ હતી.

બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે દોડતી થઈ ગઈ હતી. પેથાપુર પીએસઆઈ એમ.એસ.રાણા ટેકનીકલ સર્વેલન્સના આધારે તપાસનો ધમધમાટ શરુ કરી નજીકના સીસીટીવી ફુટેજ ચેક કર્યા હતા. જેમાં એક શંકાસ્પદ મહિલા એકટીવા પર જતી જોવા મળી હતી.હ્યુમન સોર્સથી મહિલાની શોધખોળ કરવામાં આવતા મહિલા સેકટર-૨૩ કડી કેમ્પસના સામેના છાપરા રહેતી હોવાનું ધ્યાને આવ્યું હતું.

જેથી પોલીસે છાપરામાંથી સોનલ અશોક દંતાણીને પકડી પાડી હતી. છાપરામાંથી પોલીસને પાર્લરમાંથી ચોરી કરેલો તમામ સામાન અને રોકડા રૂ.૧૨ હજાર મળી આવ્યા હતા.

શહેરમાં એકટીવા લઈને સોનલ ફરતી હતી અને ચોરીના ગુનાને અંજામ આપતી હતી. પાર્લરમાંથી ચોરી કરનાર મહિલાને પેથાપુર પોલીસે ગણતરીના સમયમાં ઝડપી પાડી ચોરીના ગુનાનો ભેદ ઉકેલી દીધો છે.

## ચિલોડા પ્રાથમિક શાળામાં લોકશાહી ઢબે બાળ સંસદની ચૂંટણી યોજાઈ



ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર તાલુકાના પ્રાથમિક શાળા ખાતે લોકશાહી ચૂંટણીની તમામ પ્રક્રિયા મુજબ ઉમેદવારીપત્ર ભરવા તારીખ, માન્ય ઉમેદવારોની યાદી, ઉમેદવારીપત્રક પાછું ખેંચવા તારીખ, આખરી ઉમેદવારોની યાદી, મતદારોની માન્ય યાદી, મતદાનની તારીખ અને પરિણામ જાહેર તારીખ મુજબ કુલ ૨૦ ઉમેદવારોએ ૧૧ બેઠકો માટે ઉમેદવારોએ અલગ અલગ ચિહ્નો પ્રમાણે ઉમેદવારો વચ્ચે જંગ ખેલાયો હતો. જેમાં ધો. ૫ થી ૮ ના ૧૧૮ પુરૂષો તથા ૧૧૯ સ્ત્રી મળી કુલ ૨૩૭ મતદારોએ ઉત્સાહભેર આધારકાર્ડ તથા ઓળખપત્ર સાથે મતદાન કર્યુ હતું. આ પ્રક્રિયામાં પ્રિસાઈન્ડીંગ અને પોલીંગ ઓફિસર, ઉમેદજવારોના એજન્ટોની નિમણૂંક કરવામાં આવી હતી. બે મતપેટી કુટીરની વ્યવસ્થા કરી હતી.

બપોર બાદ મતપત્રોની ગણતરીમાં ૧૧ ઉમેદવારો ચૂંટાયા હતા જેમાં પ્રમુખપદે પિન્કી મીઠાભાઈ સલાટ અને મહામંત્રી પદે ધવલ પોપટજી ઠાકોર તેમજ અન્ય સમિતિના હોદ્દેદારોની વરણી કરવામાં આવશે.

સમગ્ર બાળ સંસદની ચૂંટણી સામાન્ય ચૂંટણી પદ્ધતિ મુજબ કરવામાં આવતાં વિદ્યાર્થીઓ ચૂંટણી પ્રક્રિયાથી સ્વયં જ્ઞાન પ્રાપ્ત કરવામાં રસ દાખવ્યો હતો. સમગ્ર સ્ટાફ ચૂંટણી પ્રક્રિયામાં મદદરૂપ બન્યા હતા. શિક્ષણવિદ નટુભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

## રણાસણ ગામની સીમમાંથી રૂ.૧.૨૦ લાખના ફર્મા ચોરાયા

ગાંધીનગર,તા.૧૨

ગાંધીનગરના રણાસણ ગામની સીમમાં ખેતરમાં નવા બની રહેલા મકાનની આગળના ભાગેથી ૨૫૦ ફર્માની ચોરી થવા પામી છે.

શનિવારની રાત્રે ચોર શખ્સોએ હેલોઝનની લાઈટના વાયર ખેચી નાંખી અંધારામાં રૂ.૧.૨૦ લાખના ફર્મા ચોરી શખ્સો પલાયન થઈ ગયા છે. બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રણાસણ ગામની સીમમાં સર્વે નં.૧૦૦-૨ વાળા ખેતરમાં છેલ્લા એક વર્ષથી નવિન મકાન બનતુ હોવાથી તે સ્થળે જ જુના મકાનમાં પરીમલભાઈ મગનભાઈ પ્રજાપતિ (મુળ રહે ૩૧-૪૪૫, ભદ્રેશ્વર હાઉસીંગ સોસાયટી સરદારનગર અમદાવાદ) પરિવાર સાથે રહે છે. રણાસણ ગામની સીમમાં નવા મકાનના ચાલી રહેલા કામમાં ધાબુ ભરાઈ જતા ૧૨૦૦ જેટલા લોખંડના ફર્મા ઘરની આગળ ખેતરમાં ખુલ્લી જગ્યામાં પડ્યા હતા.

ગઈકાલે રાત્રીના સમયે મકાનની આસપાસ ફર્મા અને અન્ય ચીજવસ્તુઓ પડી હોવાથી તે જોઈ ચેક કરી જુના મકાન પર ગોઠવેલા હેલોઝન શરુ કરી સુઈ ગયા હતા. બીજા દિવસે સવારે ઉઠીને મકાનનું કામ જોવા જતા ખેતરમાં પડેલા અંદાજીત ૨૫૦ જેટલા લોખંડના ફર્મા જણાયા ન હતા. જયારે જુના મકાન પર રહેલા હેલોઝનના વાયર ખેંચી નાખેલા હતા.

જયારે મકાનની આસપાસ રહેલા જુના લોખંડના ફર્મા જે તે પરિસ્થિતિમાં જોવા મળ્યા હતા. જયારે મકાનની આગળના ભાગે રહેલા અંદાજીત રૂ.૧.૨૦ લાખના લોખંડના ૨૫૦ નંગ ફર્માની ચોરી થતા ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.



ગાંધીનગર મહાનગરપાલીકામાં સમાવિષ્ટ ગામ પાલજમાં છેલ્લા કેટલાય સમયથી ગટરના ઢાંકણ ટૂટેલા તથા બિસ્માર હાલતમાં છે, રોડ ખૂબ ખરાબ હાલતમાં છે ઘણી રજૂઆત કરવા છતા કોર્પોરેશન તરફથી કોઈ પગલા લેવામાં આવ્યાં નથી.